**– :: આંક.૦૧ લગત હુકમ ::–**

(૧) હાલની અરજી આ કામના અરજદાર તરફે રે.દી.મુ.નં.૧૩૨/૨૦૧૮ ને રીસ્ટોર કરવા માટેની અરજી રજુ કરવામાં થયેલ દિન–૨૭૯ નો વિલંબ માફ કરવા બાબતે રજુ કરવામાં આવેલ છે. અરજી સંદર્ભે અરજદાર તરફે રજુઆત છે કે રે.દી.મુ.નં.૧૩૨/૨૦૧૮ તા.૨૦/૧૧/૨૦૨૧ ના રોજ ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યાર બાદ દિન–૩૦ માં રીસ્ટોરેશન એપ્લીકેશન રજુ કરવાની રહે છે. પરંતુ સદરહુ દાવો ડીસમીસ ફોર ડીફોલ્ટ થયા અંગેની જાણ અરજદારને તા.૦૩/૦૯/૨૦૨૨ ના રોજ થયેલ છે. તેમજ અરજદાર તા.૧૬/૧૧/૨૦૨૦ થી હાર્ટ પેશન્ટ હોય તેઓની સારવાર ચાલુ હોય ડોક્ટરના અભિપ્રાય મુજબ અરજદાર ઘરની બહાર નિકળી શકતા ન હોય તથા હાલી ચાલી શકતા ન હોય અરજદારના વકિલશ્રીનો સંપર્ક સાધી શકેલ નહી. જેથી તા.૨૦/૧૧/૨૦૨૧ થી તા.૦૩/૦૯/૨૦૨૨ સુધીના સમયગાળા માટે અરજીમાં જણાવેલ કારણસર અરજદારની ગેરહાજરી માટેના વ્યાજબી અને પુરતા તેમજ ન્યાયીક કારણો ધ્યાને લઈ રે.દી.મુ.નં.૧૩૨/૨૦૧૮ ને ફરી ફાઈલે લેવા માટેની અરજી રજુ કરવામાં થયેલ દિન–૨૭૯ નો વિલંબ માફ કરવા રજુઆત કરેલ છે.

(૨) હાલની અરજી અનુસંધાને સામાવાળા નં.૧, ૨ તરફે આંક.૧૩ થી જ્યારે સામાવાળા નં.૩, ૪ તરફે આંક.૦૮ થી જવાબ રજુ થયેલ છે. જેમાં સામાવાળા તરફે અરજદારની હાલની અરજી નામંજુર કરવા રજુઆત કરવામાં આવેલ છે.

(૩) બંને પક્ષોની રજુઆત તથા અરજદારની અરજી તેમજ સામાવાળાની જવાબની હકીકતો તથા રે.દી.મુ.નં.૧૩૨/૨૦૧૮ ના કામે તા.૨૦/૧૧/૨૦૨૧ ના રોજ આંક.૦૧ લગત કરવામાં આવેલ હુકમ ધ્યાને લેતાં તે હુકમમાં જણાવેલ છે કે, '*રેકર્ડ વંચાણે લીધું. આ કામે આંક.૨૨ અને આંક.૨૩ થી નોટીસ વાદીને બજી ગયેલ છે તેમ છતાં વાદી તરફે કોઈ હાજર નથી કે કોઈ રજુઆત નથી. તેમજ હાલનું કમ વાદીના પુરાવા પર ઘણા સમયથી પેન્ડીંગ છે અને વાદી તરફે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ ન હોય ત્યારે આ કામે વાદી તરફે પુરાવા રજુ નહી કરીને આ કામે કોર્ટનો કિંમતી સમય વ્યતિત કરેલ છે અને તેમ કરી*

*પોતાના દાવામાં બેદરકાર રહેલા છે અને પુરાવા રજુ કરેલા ન હોય ત્યારે તેમની આ વર્તણુંક જોતાં તેમને દાવો ચલાવવામાં અને પુરાવો રજુ કરવામાં કોઈ રસ રહેલ હોય તેવું જણાતું નથી અને તેવું ફલિત થાય છે. આમ, આ હકીકતો અને રેકર્ડ જોતાં જેથી આ કામે દાવાના વાદી તરફે પુરાવા રજુ નહી કરવાના કારણે તેમની ગેરહાજરી અને કસુર બદલ આથી હાલનો આ દાવો આથી ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી ફેંસલ કરવાનો ન્યાયના વિશાળ હીતમાં હુકમ કરવામાં આવે છે.'*

ઉપરોક્ત હુકમને ધ્યાને લેતાં રે.દી.મુ.નં.૧૩૨/૨૦૧૮ ના કામે વાદીને પુરાવો રજુ કરવા માટે આંક.૨૨ તથા ૨૩ ની નોટીસ બજી ગયેલ હોવા છતાં તેઓ તરફે કોઇ હાજર ન રહેતા વાદીનો દાવો પુરાવા રજુ ન થવાના કારણે વાદીની ગેરહાજરી લગત ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવેલ હોવાનું જણાય છે. વધુમાં સી.આઇ.એસ. મોડ્યુલમાં જોતાં રે.દી.મુ.નં.૧૩૨/૨૦૧૮ તા.૧૫/૦૨/૨૦૨૦ થી વાદીના પુરાવાના સ્ટેજ પર હોવાનું તથા ત્યારબાદ લાંબા સમય સુધી વાદીના પુરાવાના સ્ટેજ પર રહ્યા બાદ તા.૨૦/૧૧/૨૦૨૧ ના રોજ ડીસમીસ ફોર ડીફોલ્ટ થી સદરહુ દાવો ફેંસલ થયેલ હોવાનું જણાય છે. હાલની અરજીમાં અરજદાર દ્વારા તેઓ તા.૧૬/૧૧/૨૦૨૦ થી હાર્ટ પેશન્ટ હોવાનું અને તેમની ટ્રીટમેન્ટ ચાલતી હોય ડોક્ટરના અભિપ્રાય મુજબ ઘરની બહાર નિકળી ન શકતા હોય તથા હાલી ચાલી શકતા ન હોય તેમના વકિલશ્રીનો સંપર્ક સાધી શકેલ ન હોવાનું જણાવે છે. પરંતુ રે.દી.મુ.નં.૧૩૨/૨૦૧૮ તા.૧૫/૦૨/૨૦૨૦ થી વાદીના પુરાવાના સ્ટેજ પર રહેલ હોવાનું જણાય છે. જ્યારે અરજદારની હાલની અરજીમા જણાવ્યા મુજબ તેઓ તા.૧૬/૧૧/૨૦૨૦ થી હાર્ટના પેશન્ટ થયેલ હોવાનું જણાવેલ છે. આમ, રે.દી.મુ.નં.૧૩૨/૨૦૧૮ તા.૧૫/૦૨/૨૦૨૦ થી વાદીના પુરાવાના સ્ટેજ પર આવ્યા બાદથી તા.૧૬/૧૧/૨૦૨૦ સુધીના નવ માસના સમયગાળા બાબતે અરજદાર તરફે કોઇ ખુલાસો કે સ્પષ્ટતા રજુ કરવામાં આવેલ નથી. એટલું જ નહીં અરજદાર પોતે હાર્ટ પેશન્ટ હોવાનું તથા તેમની ટ્રીટમેન્ટ ચાલતી હોવાનું તેમજ ડોક્ટરશ્રીના અભિપ્રાય મુજબ તેઓ ઘરની બહાર નિકળી શકતા ન હોય તથા હાલી ચાલી શકતા ન હોય તેવું કારણ હાલની અરજીમાં રજુ કરે છે

પરંતુ તે હકીકતના સમર્થનમાં અરજદાર તરફે કોઈ પણ પુરાવો કે સારવારના કાગળો રજુ કરવામાં આવેલ નથી જે હકીકત ધ્યાને લેતાં તેમજ ઉપરોક્ત ચર્ચાને ધ્યાને લેતાં રે.દી.મુ.નં.૧૩૨/૨૦૧૮ ને રીસ્ટોર કરવા માટેની અરજી રજુ કરવામાં થયેલ દિન–૨૭૯ નો વિલંબ માફ કરવા માટે પુરતુ તથા વ્યાજબી કારણ તેમજ પુરાવા રજુ કરી શકેલ હોવાનું જણાતું ન હોવાથી અરજદારની હાલની અરજી મંજુર કરવાપાત્ર ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) અરજદારની અરજી નામંજુર કરવામા આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ તા.૨૯ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ– ૨૯/૦૪/૨૦૨૬**
**પોરબંદર**

**કુનાલ રાજેશભાઇ રાઠોડ**
**એડીશ્નલ સીનીયર સીવીલ જજ**
**પોરબંદર**
**(કોડ :જી.જે.૦૧૧૨૯ )**